પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧

ક્રમાંક : ક.૨/એરપોર્ટ પો.સ્ટે./૨૨૨૩/૨૦૧૮

તા.૨૮/૦૭/૨૦૧૮

સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ: ૨૬/૦૭/૧૨ ના ઠરાવ ક્ર : મહક/૧૦૨૦૧૧/૩૨૨૭/સ થી અમદાવાદ શહેરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં સને: ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૨ થી મળેલ સત્તાની રુએ હું એ. કે. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર આથી સરદારનગર પોલીસ સ્ટેશનના હદવિસ્તારમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબ સરદારનગર પોલીસ સ્ટેશન અને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર તા. ૨૮/૦૭/૨૦૧૮ કલાક ૨૦:૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

## એસ.વી.પી.આઈ. એરપોર્ટ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરનો હદ વિસ્તાર :-

પૂર્વ :- શ્રી પ્રહ્લાદભાઈ પટેલ જળ શુધ્ધિકરણ પ્લાંટ (કોતરપુર વૉટર વર્કસ)ની દિવાલ નોબલ ટી થી પશ્ચિમ તરફ માયા સિનેમા ટર્નિંગ સુધી જેમાં નોબલ ટી થી માયા સિનેમા ટર્નિંગ સુધી જતો રસ્તો વળાંક સહિત તેમજ માયા સિનેમા તરફથી નોબલ ટી સુધી આવતો રસ્તો ફૂટપાથ સહિતનો રોડ. જેમાં શાંતિપુરાના છાપરા તેમજ એરપોર્ટની દિવાલને અડીને આવેલ તમામ ભાગ. તેમજ કોતરપુર વૉટર વર્કસ, શ્રી પ્રહ્લાદભાઈ પટેલ જળ શુધ્ધિકરણ પ્લાંટની દિવાલ થી (કોતરપુર વૉટર વર્કસ સિવાય) નદીના પટ સિવાયનો રહેણાંક મકાનો સહિતનો પશ્ચિમ સમગ્ર ભાગ.

પશ્ચિમ :- એરપોર્ટ ટી જંકશન થી એરપોર્ટ સુધીનો રોડ સહિતનો ભાગ તથા રોડની પશ્ચિમે આવેલ એરપોર્ટ ઈન્ટરનેશનલ એરપોર્ટ રન વે તથા એરપોર્ટની પશ્ચિમ તરફ દક્ષિણે આવેલ દિવાલ જુનુ ગુજરાત રાજ્યનું હેંગર સુધીનો દિવાલની અંદરનો સમગ્ર ભાગ.

ઉત્તર :- સાબરમતી નદીના દક્ષિણ કાંઠે રાસ્કા પ્રોજેક્ટની પાણીની લાઈન જે ઓવરબ્રીજ ઉપરથી જાય છે. તે જગ્યા છોડી નદીના પટ સિવાય સાબરમતી નદીના કિનારાનો વિસ્તાર તથા પશ્ચિમ આવેલ આર્મી કેન્ટોનમેન્ટ સિવાયનો તમામ વિસ્તાર જેમાં રહેણાંક મકાનો તથા ખાનગી માલિકીની જમીનો આવેલ છે તે વિસ્તાર.

દક્ષિણ :- એરપોર્ટ દિવાલ થી એરપોર્ટ કંપાઉન્ડ વૉલની ફરતે રોડ સિવાયનો ઉત્તર તરફનો કંપાઉન્ડ વૉલની અંદરનો એરપોર્ટનો સમગ્ર ભાગ.

આ પોલીસ સ્ટેશન અંતર્ગત હાંસોલ પોલીસ ચોકીનો સમાવેશ કરવામાં આવેલ છે.

## સંરદારનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરનો હદ વિસ્તાર :-

પૂર્વ :- જ્યોતિ હોટલ, આઈ.ઓ.સી.એલ. પેટ્રોલપંપ સામે, નાના ચિલોડાની સામેથી તેમજ રૂબી ટી જંકશન થી સૈજપુર ટાવર સુધી રોડ સિવાયનો દક્ષિણ તરફનો ભાગ.

પશ્ચિમ :-. નોબલ ટી જંકશન થી પૂર્વ તરફ રૂબી ટી થી ગેલેક્ષી ચાર રસ્તા થઈ દક્ષિણ તરફ સૈજપુર ટાવર સુધી રોડ તેમજ ફૂટપાથ સિવાયનો રહેણાંક વિસ્તાર તેમજ નોબલ ટી થી દક્ષિણ તરફ આશાપુરા દુધ ઘર થઈ વાલ્મિકી આવાસ ઈન્ડીકેપ ત્રણ રસ્તા થઈ હોમગાર્ડ મેદાન થઈ માયા સિનેમા ટર્નિંગ રોડ તેમજ ફૂટપાથ સિવાય રહેણાંક મકાનો સિયાપીયા હોટલનું મકાન થઈ માયા સિનેમા થઈ આદર્શ સ્કુલ થઈ એરપોર્ટની દિવાલની બહારનો રહેણાંક વિસ્તાર તેમજ બંગલા એરીયા સૈજપુર ટાવર સુધીનો રહેણાંક વિસ્તાર સહિતનો રોડ તેમજ ફૂટપાથ સિવાયનો ભાગ.

ઉત્તર :- શ્રી પ્રહલાદભાઈ પટેલ જળ શુધ્ધિકરણ પ્લાંટ કોતરપુર વૉટર વર્કસની ઉત્તર તરફની એરપોર્ટ દિવાલની સામેનો ભાગથી (વૉટર વર્કસ સહિત) નંદીગ્રામ સોસાયટી થઈ શિવ બંગ્લોઝ સુધીનો વિસ્તાર તેમજ શ્રીનાથ એવન્યુ - ૧ ફ્લેટ સુદામા પાર્ક થઈ શ્રીહરી આઈકોન નવા બનતા મકાનો થઈ જ્યોતિ હોટલ સુધીનો રોડ સિવાયનો રહેણાંક મકાનો સહિત પશ્ચિમ તરફનો ભાગ.

દક્ષિણ :- સૈજપુર ટાવરથી રેલ્વે ગરનાળા થઈ એરપોર્ટ દિવાલ સુધી રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર ભાગ

તારીખ :- ૨૮/૦૭/૨૦૧૮

સિક્કો :-

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પ્રતિ,

પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એસ.વી.પી.આઈ. એરપોર્ટ પોલીસ સ્ટેશન / સરદારનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

૨/ જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.

- તમામ પોલીસ સ્ટેશન/ શાખાઓ / તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)

૨/ લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારુ